# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY




## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્રીય ઈન્ટરીમ બજેટને આવકાર...

કેન્દ્રીય નાણામંત્રીશ્રીમતી નિર્મલા સિતારામનજી દ્વારા વર્ષ ૨૦૨૪ નું છઠું ઈન્ટરીમ બજેટ રજુ કરવામાં આવ્યું છે. જેને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી આવકારે છે. ૧૦ વર્ષમાં ભારતના અર્થતંત્રમાં વધારો થતો જોવા મળ્યો છે. દેશના ઈન્ફ્રાસ્ટ્રકચરમાં વધારો થયો છે. સરકારની તમામ યોજનાઓ લોકો સુધી પહોંચી રહી છે. રોજગારની તકોમાં વધારો થયો છે. ૨૦૪૭ માં વિકસીત ભારત તરફ આગળ વધી રહ્યું છે.

આ બજેટને આવકારતાં રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી.વૈષ્ણવએ જણાવેલ કે રાજકોટ ચેમ્બર દ્વારા પ્રી-બજેટ માટેનાં સુચનો મોકલવામાં આવેલ હતા. જેમાં ખાસ કરીને MSME ને સેકટરને બુસ્ટ આપવું અને તેના માટે સ્પેશ્યલ પેકેજ જાહેર કરવા જેવી વિવિધ રજુઆત કરવામાં આવેલ હતી. આ ઈન્ટ્રીમ બજેટ થકી MSME ને ફાયદો થશે અને રોજગારીમાં પણ વધારો થશે. દેશના વિકાસનો આધાર ઈન્ફ્રસ્ટ્રકચર ઉપર રહેલ હોય તે માટે ઈન્ફ્રાસ્ટ્રકચર ઉપર કેન્દ્ર સરકારે વધુ ધ્યાન કેન્દ્રીત કરેલ છે.

આમ બજેટના વિવિધ ખાસ મુદાઓ કે જેમાં બજેટ મહિલા, કિસાનો, પછાત વર્ગ ઉપર ધ્યાન કેન્દ્રીત કરાયેલ છે, લધુ ઉધોગોને પ્રોત્સાહન અપાશે, દેશમાં G20 નું સફળ આયોજન થયું, દિવ્યાંગોને આત્મનિર્ભર બનાવાશે, ગરીબી ઘટી રહી છે, વિવિધ યોજનાઓ થકી ગ્રામ્યનો વિકાસ થઈ રહયો છે, PM કિસાન યોજનાઓ થકી કિસાનોને સીધો લાભ મળી રહયો છે, PM વિશ્વકર્મા યોજના અને પી.એમ. સ્વનિધિ યોજનાથી લાભ, ખેલ જગતમાં ભારત મોખરે રહયું છે, ૭ IIT અને ૭IIM બનાવવી, PM આવાસનો ૭૦% લાભ મળી રહયો છે, ડિઝીટલ માધ્યમ વધિ રહયું છે, સોલારના માધ્યમથી ૩૦૦ યુનિટ સુધી દર માસે વિજળી મફત થશે, દૂધ ઉત્પાદનમાં ભારત મોખરે રહયું છે, ૩૯૦ યુનિર્વસિટીનું નિર્માણ થશે, લખપતિ દિદિ યોજના થકી મહિલાઓ આત્મનિર્ભર બની છે, PM મત્સ્ય યોજનાથી મત્સ્ય ઉત્પાદનમાં વધારો થશે, ૩ રેલ્વે કોરીડોર શરૂ થશે અને યાત્રા સુવિધાઓમાં વધારો થશે, ઈ-વ્હીકલ ઉપર વધુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે. સાથો સાથ ટેક્ષ કલેકશન ૩ ગણુ વધ્યું છે જે બદલ દેશના કરદાતાઓનો આભાર વ્યકત કરી ડાયરેકટ અને ઈનડાયરેકટ ટેક્ષ માળખામાં કોઈ ફેરફાર કરવામાં આવેલ નથી, સ્ટાર્ટઅપ માટે ટેક્ષની છુટ ૧ વર્ષ માટે વધારી છે. આમ જુલાઈ સુધીમાં સંપૂર્ણ બજેટ રજુ કરી ભારતના વિકાસનો રોડમેપ તૈયાર થશે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.